## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 18

આશાજી કરો કમાઈ ને કીરીઆં કરો, શ્રેવો દેવ મોરારજી;
ફઝલ કરો હો મોરા સામી, અદલે જીવ ન છુટે. હરી૦ (૨૧૩)

આશાજી ફઝલ કરો તો ત્યાં ઘણા છુટે, મેહેર કરો મોરા સામીજી;
પીર પેગમ્બર જીવ તમારા, સુણો તેની ફરીયાદ. હરી૦ (૨૧૪)

આશાજી સાર સરોવર કમાઈ ન ચુકે, તે માંહે પાર ઉતારોજી;
હાથીડું દઈને ઉગારો મોરા સામી, થાવો માઈ ને બાપ. હરી (૨૧૫)

આશાજી સાત સમુદ્ર વીચમાંહે બેઠા, તારો દઈને ઉગારોજી;
મયા કરો મોરા સામી, ભેટાડો તમારો દીદાર. હરી૦ (૨૧૬)

આશાજી અમેજ ભુલા તમે ઉગારો, મહેર કરો મારા સામીજી;
એહી જીવ તમારા જાણો, જાણો તમો શ્રી એસ્લામશાહ. હરી. (૨૧૭)

આશાજી ગુને ભર્યા જીવજ બુડે, તેને બહારજ કાઢોજી;
નહી તો જીવડા ભુલી જાશે, જાશે તે અવર મારગ. હરી૦ (૨૧૮)

આશાજી હીણા ખીણા સરવે જીવ તમારા, બેઠા છે તમારે દુઆરજી;
મહેરકી નજર કરો મોરા સામી, ફઝલ કરો એ દયાળ. હરી. (૨૧૯)

## Day 18 (continued)

આશાજી અણતકો ભાર અમને દીધા, કરો-તેનો નિસ્તારજી;
કલીકાળમાંહે બહુ પાપજ થાશે, ધરમ થોડો થાશે લગાર.
હરીο (૨૨૦)

આશાજી ખણમાંહે જીવ ખન ખન રાચે, ને ખણમાંહે કુડ કમાવેજી;
અથર વેદ ને અથર જીવ, તે લાગ્યા તમારે પાય. હરીο (૨૨૧)

આશાજી જીવ કારણ મનમાંહે જાણો, કરો ગુર વધાઇયુંજી;
ગુર ગીનાને જે જીવ ચાલે, તે આવશે અમારે પાસ. હરી. (૨૨૨)

આશાજી ત્યાંથી પીર આપ સધાર્યા, અને સધાર્યા તે નર સનમુખજી;
ઉંચ મુલકથી મહેરજ કીધી, કીધી તે આપોઇ આપ. હરી. (૨૨૩)

આશાજી જાતે દહાડે અલી ઉંચજ આવે, આવે ઉંચ મુલસ્તાનેજી;
લોહ કીલ્લા સરવે પાડીને નાંખે, કરશે જંગલ મેદાન. હરી. (૨૨૪)

આશાજી કમલા કુંવર તખજ આવે, અને આવે ગુરજીકે પાસજી;
સુરજા રાણી અરજ કરશે, ભેટયા શ્રી દેવ મોરાર. હરી. (૨૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)